સ્થાપના: ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www anavilsamaj org

૧૦ ડીસેમ્બર - ૨૦૨૪

સંપાદક : મધુસૂદન દેસાઇ
મો. : ૯૮૨૧૨૮૬૯૧૪

માત્ર સભ્યો માટે

# જય અનાવિલ

પી.ડી.એફ. ફોરમેટ
પી.ડી.એફ. ફોરમેટ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

કુલ પાનાં - ૨૦

સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂ. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂ. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂ. ૫૦/-

Important Information related to sending "Jai Anavil" Magazine by post.In view of the process of updation of the registration of "Jai Anavil" Magazine is in progress, it will not be possible to post Jai Anavil for few months. We regret the inconvenience caused to the members. However, we shall continue to post Jai Anavil in 'pdf' format on WhatsApp and on Facebook.Please co-operate for the same

# સાભાર - સ્વીકાર

## વિધવા મહીલા સહાય ફંડ

| | | |
|---|---|---|
| ૫.૧૧ | બીરેન નાયક - અંધેરી (વે)<br>(છગનભાઈ ખંડુભાઈ નાઇક ના સ્મરણાર્થે) | ૫,૦૦૦/- |
| ૧૪.૧૧ | જનક આર. નાયક - અંધેરી (ઈ)<br>(સ્વ.પુષ્પાબેન અને રમણલાલ એમ. નાઇક ના સ્મરણાર્થે, વલસાડ,અબ્રામા) | ૧૦,૦૦૦/- |

## લેન્ડ એન્ડ બીલ્ડીંગ ફંડ

| | | |
|---|---|---|
| ૦૮.૧૧ | રણજીત ધીરજલાલ દેસાઈ,મલાડ(ઈ) | ૨,૦૦,૦૦૦/- |
| ૨૫.૧૧ | ફેસીલીટેટર ઇન્સાફ<br>(ડો. યોગેશભાઈ એન્ડ ફેમીલી)<br>કીકીબેન નાયક, કબીલપોર, ધીરૂભાઈ નાયક કાયાતલાવ, હરારે, ઝીમ્બાવે ના સ્મરણાર્થે<br>કિરણભાઈ/અજીતભાઈ નાં પ્રયત્નોથી | ડોલર ૯૬૦૦૦.૦૦ |

## મેડીકલ ફંડ

| | | |
|---|---|---|
| ૦૫.૧૧ | બીરેન નાઈક, અંધેરી (વે)<br>(છગનભાઈ ખંડુભાઈ નાઇક ના સ્મરણાર્થે) | ૫,૦૦૦/- |

## એજ્યુકેશન ફંડ

| | | |
|---|---|---|
| ૦૫.૧૧ | બીરેન નાઈક, અંધેરી (વે)<br>(છગનભાઈ ખંડુભાઈ નાઇક ના સ્મરણાર્થે) | ૫,૦૦૦/- |

## જય અનાવિલ જાહેરખબર

| | | |
|---|---|---|
| ૨૮.૧૧ | નિરજ દેસાઈ | ૧,૦૦૦/- |

## પંચાગ

| | | |
|---|---|---|
| ૮.૧૧ | સાયન ફાઈનાસ અને લીઝીગ પ્રા.લી.-સાયન | ૫,૦૦૦/- |

## નવેંમ્બર માસનાં લાભાર્થી

- મહિલા સહાય ૩૦ મહિલાઓને આપી ૭૨,૩૦૦/-

**લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)**

## સમાજ ના બેન્ક ખાતાની વિગત

## ટ્રસ્ટનું નામ – શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

**ફોરેન ના દાતાઓ માટે**
**બેંક એકાઉંટસની વીગત**

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**
ન્યુ દીલ્હી મેઈન બ્રાન્ચ (કોડ ૦૦૬૯૧)
PURPOSE CODE : P1303
૧૧, પાર્લામેન્ટ સ્ટ્રીટ, ન્યુ દીલ્હી
એનસીટી ઓફ દીલ્હી – ૧૧૦૦૦૧.
એકાઉન્ટ નં. ૪૦૨૩૪૯૫૧૪૭૪,
આઈએફએસસી કોડ : SBIN0000691
SWIFT : SBININBB104

**બેંક એકાઉન્ટ :**
**બેંક ઓફ ઇડિયા**
એસ.એસ.આઈ. અંધેરી,
મથુરીયા એપાર્ટમેન્ટ,
૪૯ સર એમ.વી.રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૬૯.
બચત ખાતા નં. ૦૦૯૦૧૦૧૦૦૦૦૫૪૧૪
આઈ.એફ.એસ.સી.: બીકેઆઈડી૦૦૦૦૦૯૦

## Advertisement for Vacancy in Hostel :

Hostel facilities for students, irrespective of
Cast & creed is available at

- Chitrakut CHS Ltd., Kandivali (East) - (3 Girls Students)
- Vikram CHS Ltd., Kandivali (East) - (2 Boys Students)
- At Riddhi Premises, Andheri (East) - 1 Boy student

Interested students are required to Contact Mrs. Poonam Desai on Mobile No. 9137121678 during office hrs.

## નમ્ર નિવેદન

શ્રી અનાવિલ સમાજ મુંબઈએ હોસ્ટેલ માટે કાંદીવલી પૂર્વ મુકામે ત્રણ નવા ફ્લેટ હાલમાં લીધેલ છે. હજુ પાંચ ફ્લેટ લેવા માટે ફંડની ખૂબ જરૂર છે. હાલમાં બીજા બે ફ્લેટ લેવા ફંડ ઓછું પડે છે. સમાજનાં અગ્રગણ્ય દાતાઓ આગળ આવે અને સમાજને આર્થિક રીતે દાન આપી સહાયરૂપ થઇ તો બહારગામના વિદ્યાર્થીઓ જે મુંબઈ ભણવા માટે આવતા હોઇ છે તેમને મદદરૂપ થઇ શકાય. સૌ સમાજ ના જ્ઞાતિજનોને આ બાબતમાં તન–મન–ધનથી સહકાર આપવી વિનંતી.

લિ. કિરણભાઈ દેસાઇ – પ્રમુખ
અનાવિલ સમાજ મુંબઈ

## જરૂરી સૂચના

અમદાવાદ ગુજરાતમાં ખુબ મોટી હાર્ટ હોસ્પિટલ યુ.એન.મહેતા હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલમાં ખુલી છે !

અહીં ૭ દિવસ થયા, માત્ર રૂા. ૧૫ હજાર ખર્ચીને રૂા. ૩ લાખનું કામ થયું, ઈસીજી મફત છે, ઇકો માત્ર રૂા. ૩૦૦, એન્જિયોગ્રાફી રૂા. ૬૦૦૦ વગેરે. અહીં દરેક જગ્યાએથી રિજેક્ટ થયેસાં હૃદયના દર્દીઓ માટે આશારૂપી ડૉક્ટરો છે અને આયુષ્યમાન કાર્ડ પણ ચાલે છે અને અહીં તમે હોસ્પિટલમાં જ સૂઈ શકો છો જગ્યા અને ભોજન માટે પણ મફત વ્યવસ્થા છે સંસ્થાનું વાહન સવારે ૧૧ વાગે પણ આવે છે અને સાંજે ૫.૩૦ વાગ્યે પણ છે. તે સિવાય અહીં એક કેન્ટીન પણ છે જેમાં ૫૦ રૂપિયામાં જમવાનું મળે છે અને હોસ્પિટલની બહાર અન્નપૂર્ણા ભવન છે જ્યાં સવારે અને સાંજે ૩૫ રૂપિયામાં સારું ભોજન મળે છે અને અહીંના ડૉક્ટરો જેમની પોતાની ટીમ છે.

૧ જયેશ પ્રજાપતી ૨ શરદ જૈન

કોઇપણ વધુ માહિતી માટે તમે સંપર્ક કરી શકો છે.

૭૯૭૪૮૨૫૭૪૦

યુએમ મહેતા હોસ્પિટલ, સિવિલ હૉસ્પિટલ

એરિયા અમદાવાદ–ગુજરાત

હોસ્પિટલ નંબર : ૯૦૯૯૯૫૫૨૪૮ / ૯૦૯૯૯૫૫૨૪૯

જો તમને તેની જરૂર ન હોય તો આ મેસેજ જરૂરતમંદોને ફોરવર્ડ કરો જેથી કરીને કોઇપણ ગરીબ મધ્યમ વર્ગનો પરિવાર તેનો લાભ લઇ શકે તમને પુણ્ય લાભ પણ મળશે.

## જગ્યા વેચવાની છે

અંધેરી પશ્ચિમ માં સ્ટેશન નજીક ગ્રાઉન્ડ પ્લસ બે માળ નું મકાન, બે ભાડૂત સાથે ૧૫ કરોડ અને વલસાડ ધરમપુર રોડ, રોણવેલ નજીક ૧૮ વીધા જમીન ૧૨ કરોડ. સંપર્ક – મધુસૂદન દેસાઈ. મો. ૯૮૨૧૨ ૮૬૯૧૪

# નાનકડી એવી વાર્તા છે.

સાંજના સમયે ૨૨.૨૩ વરસનો એક છોકરો ચપ્પલની દુકાનમાં જાય છે.

એના પગમાં લેધરના બુટ હતા, એ પણ એકદમ ચકાચક પોલિશ કરેલા...

દુકાનદાર : શું મદદ કરું આપને ?

છોકરો : મારી માઁ માટે ચપ્પલ જોઇએ છે.

દુકાનદાર : એમના પગનું માપ ?

છોકરાએ વોલેટ બહાર કાઢી. એમાંથી ચાર ગડી કરેલ એક કાગળ કાઢ્યો. એ કાગળ પર પેનથી બે પગલાં દોર્યાં હતા.

દુકાનદાર : અરે મને પગના માપનો નંબર આપત તોય ચાલત...!

એ છોકરો એકદમ નરમ અવાજે બોલ્યો :

શેનું માપ આપું સાહેબ ?

મારી માં એ આખી જીંદગીમાં ક્યારેય ચંપલ પહેર્યાં નથી. મારી માઁ શેરડી તોડવાવાળી મજૂર હતી.

કાંટામાં ક્યાંય પણ જાતી.

વગર ચપ્પલે ઢોર હમાલી અને મહેનત કરીને મને ભણાવ્યો.

હું ભણ્યો અને નોકરીએ લાગ્યો.

આજે પહેલો પગાર મળ્યો. દિવાળીમાં ગામડે જાવું છું.

માઁ માટે શું લઇ જાઉં એ પ્રશ્ન જ સતાવતો....મારા કેટલા વર્ષોનું સપનું હતું કે મારા પહેલા પગારમાંથી માઁ માચે હું ચપ્પલ લઈશ.

દુકાનદારે સારાં અને ટાકઉ ચપ્પલ દેખાડ્યા અને કીધું આઠસો રૂપિયાના છે.

છોકરાએ કીધું ચાલશે.

દુકાનદાર : ખાલી પૂછું છું કે કેટલો પગાર છે તારો ? ચપ્પલ મોંઘા નહી પડે ?

છોકરો : હમણાં તો બાર હજાર છે. રહેવાનું, ખાવાનું થઇને સાત-આઠ હજાર ખર્ચો થાય. બે-ત્રણ હજાર માઁ ને મોકલાવું છું...

દુકાનદારો બોક્સ પેક કર્યું.

છોકરાએ પૈસા આપ્યા અને બહુ જ ખુશ થઇને બહાર નીકળ્યો.

મોઘું તો શું ? પણ... એ ચપ્પલની કોઇ કિંમત થાય એમજ નોહતી. પણ દુકાનદારના મનમાં કંઇક વિચાર આવ્યો છોકરાને અવાજ આપ્યો અને ઉભુ રહેવાનું કહ્યું...

દુકાનદારે બીજું એક બોક્સ છોકરાના હાથમાં આપ્યું અને દુકાનદાર બોલ્યો.

આ ચપ્પલ માઁ ને કહેજે કે તારા ભાઈ તરફથી ભેટ છે.

પહેલા ચપ્પલ ખરાબ થઇ જાય, તો બીજા વાપરવાના.

તારી માં ને કહેજે કે હવે વગર ચપ્પલ નહીં ફરવાનું અને આ ભેટ માટે ના પણ નથી કહેવાની...

દુકાનદાર અને એ છોકરાના એમ બન્નેની આંખોમાં પાણી ભરાય ગયા.

દુકાનદાર : શું નામ છે તારી માઁ નું.. ?

મારા જયશ્રી કૃષણ કહેજે એમને.

અને એક વસ્તુ આપીશ મને ?

પગલાં દોરેલા પેલો કાગળ જોઇએ છે મને.

એ છોકરો પેલા કાદળ દુકાનદારના હાથમાં દઇને ખુશ થઇ નીકળી ગયો.

ગડીદાર કાગળ દુકાનદારે તેને ફ્રેમમાં ગોઠવી દુકાનની દીવાલ પર સરસ સેટ કરી દીધો..

દુકાનદારની દીકરીને ફ્રેમ જોઇને પુછ્યું.

બાપુજી આ શું છે..?

દુકાનદારે એક લાંબો શ્વાસ લીધો અને દીકરીને બોલ્યો :-

લક્ષ્મીજીનાં પગલાં છે બેટા..

એક સાચા ભક્તે દોરેલા છે...

આનાથી બરકત મળે ધંધામાં...

દીકરીએ અને દુકાનદારે એ પગલાને ભાવભક્તિ સાથે નમન કર્યું...!

લવ યું જીંદગી...

લેખક : અજ્ઞાત... પણ સુંદર વાર્તા છે

... પ્રત્યેક સંતાનો માટે માતા પિતા એ આવો જ અને આટલો જ ભોગ દિધો. હોય છે.

બસ સંતોનોને આ વાત સમજવાની જ જરૂર છે...

સંકલન – મધુસુદન દેસાઈ

## મિત્રોની ટોળી આમ ઊંધિયા જેવી છે,



મિત્રોની ટોળી આમ ઊંધિયા જેવી છે,
કોઈ બટાટા જેવા ભલાને સ્વાદિષ્ટ,
બધામાં ભળે ને સ્વાદ વધારે.
કોઇ રીંગણ જેવા. કોઇને ભાવે ને કોઇને જરાય નહિ.
તો કોઇ પાપડી જેવા, સીઝનમાં જ મળે. કોઇ કેળા જેવામ મીઠા,
તો કોઇ મેથી જેવા કડવા પણ ગુણકારી...
કોઈ વળી વાલ જેવા વાયડા,
તો કોઈ સૂરણ ને રતાળુ જેવા, રોજ ના ખવાય, પણ
ઉપસવામાં ચાલે ને ઊંધિયામાં તો જોઇએ જ.
કેટલાક મરચાં જેવા તમતમતા, એકલા ભારે પડી જાય
પણ સૌની સાથે હોય તો સ્વાદની મજા જ જુદી...
આપ સૌને શિયાળાની શુભેચ્છા... ઊંધિયું બનાવો.....

# આજ ફિર જીને કી તમન્ના હૈ !

કેલીફોર્નિયા યુનીવર્સીટીના સાયકોલોજી વિભાગના પ્રોફેસર ડૉ. રચેલ વોએ એક અભ્યાસમાં કહ્યું છે કે,

"મોટી ઉંમરમાં નવો હુન્નર શીખવાથી, છ જ સપ્તાહમાં તમારું મગજ ત્રણ દાયકા જેટલું યુવાન થઇ જાય છે."

વૈજ્ઞાનિકો કહે છે કે – યાદદાસ્ત ઓછી થવી, નિર્ણયશક્તિ ધીમી થઇ જવી અને બોલવામાં મુશ્કેલી આવવી તેવી મોટી ઉંમરની અલ્ઝેઈમરની બીમારીમાં ફોટોગ્રાફી, સંતીગ, પેઈન્ટિંગ કે લખવા જેવા શોખ મગજના પાવરને મજબુત બનાવે છે !

જીવંત રહેવા માટે જીવવું જરૂરી છે...
ઉમંગ સાથે, ઉત્સાહ સાથે, સ્વિકારા સાથે અને ગમતીલા પ્રવૃત્તિઓ સાથે અને ગમતીલા વ્યક્તિ સાથે, આ જ મંગળ જીવન !

ઉંમર અને શોખને કે ઉંમર અને ગમતી પ્રવૃત્તિને કોઈ બંધન હોતુ નથી. તમારું જીવન; તમારા શોખ! આપણા દેશમાં, સમાજમાં લોકોને ઉંમરને લઇને બહુ વાંધા હોય છે.

આ ઉંમરે તેણે આવું બધું કરવાની શું જરૂર છે ?.
એનું બધાં પૂછ પૂછ કરે. આ માનસિકતા બદલાની જરૂર છે. તમારમાં થનગનાટ હોય, અને મન ખુલ્લું હોય, તો તમે જે ચાહો તે શીખી શકો છો. શોખને અને ઉંમરને કોઇ બંધન નહિ હોવું જોઇએ. ઉલ્ટું ઉંમર થાય, તેમ શોખનું મહત્વ વધવું જોઇએ. શોખ ખર્ચાળ હોય, તેવું જરૂરી નથી. શોખ હોવો જરૂરી છે. એક ધ્યેય, મકસદ, પાગલપન જરૂરી છે. મોટીં ઉંમરે કેવી રીતે જીવાય ! ?

તે વહીદા રેહમાન પાસે શીખવા જેવું છે. 'પ્યાસા', 'કાગજ કે ફૂલ', 'સાહેબ', 'બીબી ઔર ગુલામ' 'ગાઇડ' અને 'નીલ કમલ' જેવી યાદગાર ફિલ્મોની સ્ટારને તેની સમકાલીન એક્ટ્રેસ આશા પારેખ (૭૪) અને હેલન (૮૧) સાથે ખાસ બહેનપણાં છે.

ત્રણે અવારનવાર રખડવા ઉપડી જાય. સિનેમા જેવા જાય. ખાવા–પીવા માટે ભેગાં થાય. એકલા હશો તો તુટી જશો. પેલી લાકડાની ભારી જેવું. સંયુક્ત હશો તો જલદી નહિ તુટો!.

Like mindedf લોકો સાથે જીવવાનો આગ્રહ જરૂરી છે.

પણ મસ્ત જ જીવાય! આ મસ્ત જીવન સાથે શારીરિક અને આર્થિક તંદુરસ્તી એ પાયાની શર્ત છે. બાકી ઘડપણ એ દાય નથી, વૈભવ છે! ઇશ્વરે આપેલી ઉમદા તક છે. જે તમે તમારા વ્યસ્ત જીવનમાં નહિ કરી શક્યા, ન પામી શક્યા તે બધુ જ ઘડપણમાં મેળવવાની સુવર્ણ તક છે.

ઢળતી ઉંમરે કેવી રીતે વ્યસ્ત અને સકારાત્મક જીવાય, તેનો મંત્ર છુપાયેલો છે.

તમે જ તમારા ગુરુ, તમારું જીવન જ તમારૂ ગુરુજ!

છેલ્લે.

મારું જીવન, મારી ઇચ્છાપૂર્તિ સાથે મસ્ત જાય અને અસ્ત થાય.

બસ એજ પ્રાર્થના, આ જ મારો મોક્ષ!!!

સંકલન – મધુસુદન દેસાઇ

# શ્રદ્ધાંજલી

## અનાવિલ અવસાન



### અ.સૌ. કુમુદબેન રજનીકાંત દેસાઈ

ગામ પારડી, હાલ અંધેરી,
અ.સૌ. કુમુદબેન (કુમા) ઉ. વર્ષ ૭૭, ગુરુવાર
તા. ૨૮.૧૧.૨૦૨૪ ના રોજ દેવલોક પામ્યા છે.

તેઓ રજનીકાંત નગીનભાઈ ફકીરભાઈ દેસાઈના પત્ની, તુષાર ના માતા, અવનીના સાસુજી, ઈશિતા ના દાદી, દીપક, અજિત,સ્વ. પ્રશાંતના ભાભી, સ્વ. હેતલ અને સુમિતના જેઠાણા ગામ દશવાડા નિવાસી સ્વ. લાલભાી અને કમુબેનના સુપુત્રી, સ્વ. રજનીભાઈ, નરેશભાઈ, મંજુબેન, વાસંતીબેનના બેન.

નિવાસ સ્થાન :
B/18, દીપ સાગર, N.S. ફંડકે માર્ગ,
રેજન્સી હોટલની સામે, અંધેરી (પૂર્વ), મુંબઈ
રજની 8454924458 / તુષાર 9004686579

# લગ્નસંબંધી



નામ : અનિક દેસાઈ ( H-1B visa)

જન્મતારીખ: ૧૮ /૦૯ /૧૯૯૫ કુંડલી : ચ

ઉંચાઈ : ૬' ૨"

અભ્યાસ : એમ.એસ.(પ્રોજેક્ટ મેનેજમેન્ટ) હેરીસબર્ગ યુનિવર્સિટી, હેરીસબર્ગ , પેન્સિલવેનિયા, યુ.એસ.એ .

એમ.એસ.(મીકેનીકલ) યુનિવર્સિટી ઓફ ઈલીનોઇસ એટ શિકાગો,ઈલીનોઈસ , યુ .એસ.એ.

બી.ઈ.(મીકેનીકલ) સી.કે.પીઠાવાલા , સુરત , (જીટીયુ)

વ્યવસાય : જુનિયર મીકેનીકલ એન્જીનીયર, પોપલી ડીઝાઇન ગ્રૂપ, રોચેસ્ટર, ન્યુયોર્ક , યુ.એસ.એ.

વતન : પીપલધરા

પિતા નું નામ : નીરજ અરુણભાઈ દેસાઈ (સર્વિસ-બેન્ક ઓફ ઈન્ડિયા , સુરત )

માતા નું નામ : મીતા (સ્વૈચ્છિક નિવૃત પ્રિન્સિપાલ આઈટીઆઈ સુરત(વુમન ))

દાદા : સ્વ. અરુણભાઈ છોટુભાઈ દેસાઈ

દાદી : કૌશિકાબેન અરુણભાઈ દેસાઈ

મોસાળ : પીપલગભાણ (સ્વ.આશિષ રમેશચંદ્ર દેસાઈ – મામા)

નાના : રમેશચંદ્ર મગનલાલ દેસાઈ

નાની : ભારતીબેન રમેશચંદ્ર દેસાઈ

રહેઠાણ : ૫૫, સુરૂચી સોસાયટી, જમનાનગર નજીક, ઘોડદોડ રોડ, સુરત.

સંપર્ક : નીરજ દેસાઇ (પિતા) - ૯૪૨૮૭૪૩૯૭૦

મીતા દેસાઇ (માતા) - ૯૪૨૭૫૮૦૩૯૫

પરિમલભાઈ દેસાઇ(ફુવાજી ) - ૯૧૭૩૭૯૬૦૦૦

ગૌરાંગભાઈ દેસાઇ (માસાજી) ૭૬૦૦૦૭૪૯૩૪

નોંધ : અનિક ડીસેમ્બર ૨૦૨૪ માં ઈન્ડિયા આવનાર છે .

# અવસાન

| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| વાપી | સુલોચનાબેન બાબુભાઈ દેસાઈ | ૦૩.૧૧.૨૪ |
| પલસાણા–બોરીવલી | | |
| ડુંગરી/ઉદવાડા | કંચનબેન શાંતિલાલ દેસાઈ | ૦૪.૧૧.૨૪ |
| ચણોદ/અંધેરી | જસુમતીબેન નટવરલાલ પટેલ | ૦૫.૧૧.૨૪ |
| સુરત | રીશીકેષ કિશોરભાઈ નાયક (USA) | ૧૦.૧૧.૨૪ |
| સુરત | નિર્ભય મહાદેનભાઈ નાયક | ૧૧.૧૧.૨૪ |
| હંસાપોર/ગાંધીનગર | જયલ ભરતકુમાર નાયક | ૧૧.૧૧.૨૪ |
| વલવાડા/બોરીવલી | સરોજબેન સુરેશભાઈ વશી | ૧૧.૧૧.૨૪ |
| સુરત | નીલાબેન હસમુખરાય નાયક | ૧૩.૧૧.૨૪ |
| નવસારી | રંજનબેન અમૃતલાલ નાયક | ૧૩.૧૧.૨૪ |
| સાલેજ/બીલીમોરા | ડૉ.દિનકરરાય ગુલાબભાઈ નાયક | ૧૩.૧૧.૨૪ |
| તલંગપુર/સુરત | મનહરલાલ દયાળજી દેસાઈ | ૧૪.૧૧.૨૪ |
| જોળવા | પ્રવિણભાઈ (બચુભાઈ) ઠાકોરભાઈ નાયક | ૧૧.૧૧.૨૪ |
| સોનવાડી | આશાબેન શાંતિલાલ નાયક | ૧૪.૧૧.૨૪ |
| હનુમાનભાગડા અમદાવાદ | અજીતભાઈ રતીલાલ દેસાઈ | ૧૪.૧૧.૨૪ |
| ડુંગરી/વાપી | અનિલાબેન પ્રવિણચંદ્ર દેસાઈ | ૧૪.૧૧.૨૪ |
| વકતાણા –લંડન | અરવિંદભાઈ છોટુભાઈ દેસાઈ | ૧૫.૧૧.૨૪ |
| અંત્રોલી લાડવી | મંજુલાબેન જશવંતલાલ દેસાઈ | ૧૬.૧૧.૨૪ |
| સુરત | હંસાબેન (માલતીબેન) રણજીતભાઈ દેસાઈ | ૧૬.૧૧.૨૪ |
| તીઘરા | વસંતભાઈ મનગલભાઈ દેસાઈ | ૧૬.૧૧.૨૪ |
| પંડોર /ઘાટકોપર | મધુબેન જીવણજી ગુલાબભાઈ દેસાઈ | ૧૭.૧૧.૨૪ |
| હરિયા/દેવધા | દમયંતીબેન ભરતભાઈ દેસાઈ | ૧૯.૧૧.૨૪ |

| | | |
|---|---|---|
| પરીયા | દેવાંગ નટવરલાલ દેસાઈ | ૨૦.૧૧.૨૪ |
| વેસ્મા/નવસારી | મુકેશભાઈ મંગુભાઈ વશી | ૨૧.૧૧.૨૪ |
| હાંભર/નવસારી | મહેશભાઈ છોટુભાઈ નાયક | ૨૩.૧૧.૨૪ |
| તલોધ | નયનાબેન સુધીરભાઈ દેસાઈ | ૨૩.૧૧.૨૪ |
| જલાલપોર | પરેશા પ્રશાંત દેસાઈ | ૨૪.૧૧.૨૪ |
| નવસારી | જગદીશચંદ્ર નાથુભાઈ નાયક | ૨૫.૧૧.૨૪ |
| નવસારી | ઇલાબેન મુકુંદચંદ્ર દેસાઈ | ૨૫.૧૧.૨૪ |
| અબ્રામા/વલસાડ | અરવિંદભાઈ પરાગજી વશી | ૨૫.૧૧.૨૪ |
| અજરાઈ | ભરતભાઈ (ધીરૂભાઈ) ભીમભાઈ વશી | ૨૫.૧૧.૨૪ |
| અબ્રામા/વલસાડ | અરવિંદભાઈ પરાગજી વશી | ૨૫.૧૧.૨૪ |
| નવસારી | સ્વ. ઈલાબેન મુકુદચંદ્ર દેસાઈ | ૨૫.૧૧.૨૪ |
| હાંસાપોર | સ્વ. પરેશભાઈ નાયક | ૨૫.૧૧.૨૪ |
| વલસાડ | સ્વ. રેખાબેન મહેન્દ્રભાઈ (કીસનભાઈ દેસાઈ) (દેસાઈ કન્સ્ટ્રકશન) | ૩૦.૧૧.૨૪ |
| તલંગાપુર,બોરીવલી | શ્રી મયુરભાઈ બી. દેસાઈ<br>સદ્‌ગત શ્રી અનાવિલ સેવા મંડળ,બોરીવલી થી વિરાર ના પ્રમુખ જયંતીભાઈ નાં નાના બનેવી | ૨૭.૧૧.૨૪ |
| એંધણ | સ્વ. વર્ષાબેન ગૌતમભાઈ દેસાઈ | ૩૦.૧૧.૨૪ |
| સાયણ | સ્વ. રમણલાલ રતીલાલ વશી (ગુરુકાકા) | ૨૯.૧૧.૨૪ |
| સુરત | સ્વ.ઇન્દુમતી સુમનરાય દેસાઈ (મગોધ)<br>સદ્‌ગત શ્રી અનાવિલ સમાજ, મુબઈના મંત્રી બીપીનભાઈ નાયકના મોટાબેન | ૨૯.૧૧.૨૪ |
| નવસારી | સ્વ. હર્ષદરાય ભગવાનજી નાયક | ૨૯.૧૧.૨૪ |
| નવસારી | સ્વ. રાગીણી (પલ્લવી) રમેશચંદ્ર દેસાઈ | ૦૧.૧૨.૨૪ |

# તા. ૧૧.૧૨.૨૦૨૪ થી તા. ૦૯.૦૧.૨૦૨૫ સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૮૧ — * શુભ દિવસ — શુભ લાભ — **માગશર સુદ** — ડિસેમ્બર ૨૦૨૪

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૬.૫૮ શ્રી મંગલમ્ સૂ.અ.૧૭.૫૯ |
|---|---|---|---|---|
| *૧૧ | બુધ | ૧૧ | રેવતિ | મોક્ષદા એકાદશી (રાજગરો), ગીતા જયંતી, બુધ પૂર્વોદય, શ્રી વ્રજરાયજીનો ઉત્સવ, પંચક સ. (ચંદ્ર-મેષ : ૧૧.૪૯) |
| *૧૨ | ગુરૂ | ૧૨ | અશ્વિની | અખંડ / વૈકુંઠ દ્વાદશી |
| ૧૩ | શુક્ર | ૧૩ | ભરણી | પ્રદોષ, વક્રી હર્ષલ મેષમાં ૧૧.૨૪ (ચંદ્ર-વૃષભ : ૧૩.૨૦) |
| ૧૪ | શનિ | ૧૪ | રોહિણી | વ્રતની પૂનમ, શ્રી દત્તાત્રય જયંતી, શ્રીનાથજીનો છપ્પન ભોગ, શનિ રોહિણી, અમૃત સિદ્ધિ યોગ સૂ. ઉ. થી ૨૭.૫૫ |
| *૧૫ | રવિ | ૧૫ | મૃગ. | બહુચરાજીનો મેળો, સૂર્ય મૂળ-ધનમાં ૨૨.૧૨, ધનુર્માસ પ્રા., સંક્રાંતિ પુણ્યકાળ ૧૨.૩૩ થી સૂ. અ., બુધ માર્ગી ૨૬.૨૮, ગોપ માસ સમાપ્ત (ચંદ્ર-મિથુન : ૧૫.૦૫) |
| ૧ | સોમ | ૧૬ | આર્દ્રા | – |
| ૨ | મંગળ | ૧૭ | પુન. | – (ચંદ્ર-કર્ક : ૧૮.૪૮) |
| ૩ | બુધ | ૧૮ | પુષ્ય | સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૧.૦૩, સૌભાગ્ય સુંદરી વ્રત, વૈધૃતિ મહાપાત ૯.૦૦ થી ૧૫.૪૧ |
| ૪ | ગુરૂ | ૧૯ | આશ્લે. | – (ચંદ્ર-સિંહ : ૨૬.૦૦) |
| *૫ | શુક્ર | ૨૦ | મઘા | – |
| *૬ | શનિ | ૨૧ | પૂ. ફા. | સૂર્ય મકરમાં ૧૪.૫૨ |
| ૭ | રવિ | ૨૨ | ઉ. ફા. | ભાનુસપ્તમી, કાલાષ્ટમી (ચંદ્ર-કન્યા : ૧૨.૫૬) |
| *૮ | સોમ | ૨૩ | ઉ. ફા. | અષ્ટકા |
| ૯ | મંગળ | ૨૪ | હસ્ત | – (ચંદ્ર-તુલા : ૨૫.૫૧) |
| *૧૦ | બુધ | ૨૫ | ચિત્રા | ક્રિસમસ – નાતાલ |
| *૧૧ | ગુરૂ | ૨૬ | સ્વાતિ | સફલા એકાદશી (તલ) |
| *૧૨ | શુક્ર | ૨૭ | વિશાખા | વ્યતિપાત મહાપાત ૧૪.૩૬ થી ૨૧.૩૫, વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૧૩.૫૭) |
| ૧૩ | શનિ | ૨૮ | અનુરાધા | શનિ પ્રદોષ, શુક્ર કુંભમાં ૨૩.૪૧, સૂર્ય પૂર્વાષાઢામાં ૨૪.૨૭, વિંછુડો |
| ૧૪ | રવિ | ૨૯ | જયેષ્ઠા | શિવરાત્રિ, વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૨૩.૨૩) |
| ૩૦ | સોમ | ૩૦ | મૂળ | દર્શ / સોમવતી અમાવસ્યા, પાવાગઢ / કાલબાદેવી યાત્રા |
| ૧ | મંગળ | ૩૧ | પૂ. ષા. | – (ચંદ્ર-મકર : ૩૦.૦૨) |
| *૨ | બુધ | ૧ | ઉ. ષા. | **જાન્યુઆરી :** ખ્રિસ્તી વર્ષારંભ ૨૦૨૫, ચંદ્ર દર્શન |
| *૩ | ગુરૂ | ૨ | શ્રવણ | – |
| ૪ | શુક્ર | ૩ | ધનિષ્ઠા | વિનાયક ચતુર્થી, પંચક પ્રારંભ (ચંદ્ર-કુંભ : ૧૦.૪૮) |
| *૫ | શનિ | ૪ | શત | પંચક, બુધ ધનમાં ૧૨.૦૪ |
| ૬ | રવિ | ૫ | પૂ. ભા. | શ્રી રણછોડલાલજી (કોટા)નો ઉત્સવ (ચંદ્ર-મીન : ૧૪.૩૫) |
| *૭ | સોમ | ૬ | ઉ. ભા. | ગુરૂ ગોવિંદસિંહ જયંતી, પંચક |
| ૮ | મંગળ | ૭ | રેવતિ | દુર્ગાષ્ટમી, શાકંભરી દેવી નવરાત્રિ પ્રારંભ, મંગળ અશ્વિની, અમૃતસિદ્ધિ યોગ ૧૭.૫૧ થી સૂ. ઉ., પંચક સ. (ચંદ્ર-મેષ : ૧૭.૫૧) |
| ૯ | બુધ | ૮ | અશ્વિની | હરિ જયંતી |
| ૧૦ | ગુરૂ | ૯ | ભરણી | શ્રી કલ્યાણરાયજી (મુંબઈ) નો ઉત્સવ, વૈધૃતિ મહાપાત ૧૩.૫૬ થી ૧૯.૩૨ (ચંદ્ર-વૃષભ : ૨૦.૪૭) |

# અભિનંદન

શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળની ૨૦૨૪ થી ૨૦૨૭ માટેની કારોબારીના ચૂંટણીમાં સહકાર પેનલના ઉગતા સૂરજના તમામે ૨૧ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે.

૧. અશ્વિનભાઈ દોલતરાય નાયક
૨. અમીતકુમાર નટવરલાલ નાયક
૩. અક્ષયકુમાર નટુભાઈ દેસાઈ (બાવાજી)
૪. બીપીનચંદ્ર ઠાકોરભાઈ દેસાઈ
૫. ભાવિન બલવંતરાય દેસાઈ
૬. ભાવિન મહેશભાઈ દેસાઈ
૭. ભાવેશ વિનોદરાય મહેતા
૮. ભારતીબેન રાજેન્દ્રકુમાર દેસાઈ
૯. ધર્મેશ ક્રિષ્નામુરતી દેસાઈ (ટી.કે.)
૧૦. ગ્રીનીજ ગૌતમભાઈ દેસાઈ
૧૧. હાર્દિક પરિમલભાઈ દેસાઈ
૧૨. હિમાંશુ વિનોદભાઈ દેસાઈ
૧૩. હિરલ બલવંતભાઈ દેસાઈ
૧૪. જયપ્રકાશ કેશવભાઈ દેસાઈ
૧૫. કર્ન ઉદયકુમાર દેસાઈ
૧૬. કેતન દીનુભાઈ નાયક
૧૭. કેતનકુમાર ધીરજલાલ દેસાઈ
૧૮. કેતન પરાગજી દેસાઈ
૧૯. કેયુરકુમાર જીતેન્દ્રકુમાર દેસાઈ
૨૦. કૌશિક વિનોદકુમાર દેસાઈ
૨૧. મુકેશકુમાર બાબુભાઈ દેસાઈ
૨૨. નિકુંજકુમાર હેમંતભાઈ દેસાઈ
૨૩. નિકુંજ બાલુભાઈ વશી
૨૪. પ્રદીપકુમાર બલવંતરાય દેસાઈ
૨૫. રાકેશભાઈ બીપીનભાઈ દેસાઈ
૨૬. રાજેશકુમાર કાંતીલાલ દેસાઈ
૨૭. રીટા મિનેશ દેસાઈ
૨૮. સરીતકુમાર જીવનજી દેસાઈ
૨૯. સંજયકુમાર નવિનચંદ્ર દેસાઈ
૩૦. તુષાર ગૌતમભાઈ દેસાઈ
૩૧. વિભુતી કેતન દેસાઈ
૩૨. વિરલ ભાશકરભાઈ દેસાઈ





# ડીફકો ઇન્વેસ્ટમેંટ સર્વીસીસ

મુંબઈ : પીત્રુ છાયા, ૨૧ સ્વસ્તીક સોસાયટી, એન.એસ.રોડ નં.૨,જુહુ સ્કીમ, વિલેપાર્લા (વેં), મુંબઈ-૫૬. નેવીલ ડી. દેસાઈ, મો.:૮૦૯૭૭૯૪૭૩૭

નવસારી : જી-૮/૯, રોકીસ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, નવસારી-૩૯૬૪૪૫ દેવાંગ દેસાઈ, મો.: ૯૭૧૨૯૨૪૫૨૫

સુરત : ૩૩૨, બેલ્જીયમ ટાવર, લાયનર બસ સ્ટેન્ડની સામે, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૩. ચંન્દ્રેશભાઈ. મો.: ૯૯૨૫૨૮૨૮૧૫

E-mail : difcoinv@gmail.com

શુભેચ્છક

# હરક્યુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઇંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઇંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઇંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

## હાર્દિક શુભેચ્છા....

**ક્રોશેલ-૪૭૦**

**ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો**

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'કોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.




એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com



# ડૉ. જાગૃતિ દેસાઈ

❖ એમ.એસ. (ઓપ્થાલ્મોલોજી)
ફેલોશીપ ઇન કેટારેક્ટ સર્જરી

❖ મોતિયાનાં ઓપરેશન ઇન્જેક્શન વગર આધુનિક પદ્ધતિથી થશે.



❖ ઝામર, રેટિના (પડદા)ના નિષ્ણાત ડૉક્ટર મળશે.

❖ સંપૂર્ણ પરિવાર માટે આંખની તપાસ.

❖ વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

# ઓક્યુલસ
## આઈ હોસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાસા બ્લાન્ડાની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં.૯/૧૦ની વચ્ચે, તિવારી સ્વીટ્સ પાસે, જે.વી.પી.ડી.

મોબાઇલ નં.
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૦૦૯૪૧૫૨

સમય : સવારે ૧૦ થી ૮ રાત્રે સુધી

## અનાવિલ સમાજ માટે માત્ર રૂ.૫૦૦/-



ડાયાબિટીસ અને ઝામર ના પેશન્ટો માટે લેટેસ્ટ ટોપકોન, ઓ.સી.ટી. (આંખો માટે સીટી સ્કેન) મશીન હવે ઓક્યુલસ આઈ હોસ્પીટલ માં ઉપલબ્ધ

## સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

### ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી.

- તંત્રીશ્રી

**શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

**૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**

ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

**જાહેરાતના દરો**

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/- । આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/- । લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-

**શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

**હોસ્ટેલ વીક્રમ સોસાયટી, ઓરા ડાયમંડ ફેક્ટરીની સામે,**
**અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.**